# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH – GUJARAT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી દેશની સૌપ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી-CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું આ પ્રણાલીથી પારદર્શક રીતે જાહેર વિતરણ થશે.

(Byte: Amit Shah – Union Home Minister)

શ્રી શાહે કહ્યું, હવે સસ્તા અનાજનો લાભ સીધો જ લાભાર્થીને પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

(Byte: Amit Shah – Union Home Minister, DBT)

કાર્યક્રમ દરમિયાન ગ્રાહકોના હિતોના રક્ષણ અને પારદર્શિતા વધારવા માટે CARE RATING અને ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર સાથે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા. આ પ્રસંગે જાહેર વિતરણ ક્ષેત્રે લોન્ચ થનારા વિવિધ નવીન પ્રકલ્પોમાં CBDC આધારિત પારદર્શક વિતરણ વ્યવસ્થા, એક કિલોના સીલબંધ પેકિંગમાં કઠોળ વિતરણ, અન્નપૂર્તિ ગ્રેઇન ATMનો શુભારંભ કરાયો.

આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જાહેર વિતરણ મંત્રી પ્રલ્હાદ જોશી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા.

રાજ્યના પ્રવાસે આવેલા શ્રી શાહ આજે સાંજે શિવરાત્રી પર્વ નિમિત્તે વડોદરામાં સુરસાગર સરોવરના મધ્યમાં આવેલા શ્રી સર્વેશ્વર મહાદેવ મંદિરે મહાઆરતી કરશે.

. . . . . . . . . . . . . .

# MAHASHIVRATRI - DISTRICT

આજે, દેશ સહિત રાજ્યભરમાં મહાશિવરાત્રીનો તહેવાર ભક્તિભાવ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે.

સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં મહાશિવરાત્રી પર્વ નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં પાલખીયાત્રા કાઢવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા અને હર હર મહાદેવના નાદ સાથે સોમનાથ મહાદેવ પરિસર ગુંજી ઉઠ્યું હતું. ઉલ્લેખનીય છે કે સતત 42 કલાક સોમનાથ મહાદેવ મંદિર દર્શન માટે ખુલ્લુ રહેશે. ત્રી દિવસીય મહામૃત્યુંજય યજ્ઞમાં ભાવિકો જોડાયા.

(BYTE – VIJAYSINH CHAVDA )

દ્વારકાના નાગેશ્વર જ્યોર્તિલિંગ મંદિર ખાતે ભક્તોની ભીડ ઉમટી છે. ભાવિકોએ મહાદેવના દર્શન, પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી.

ભુજમાં મહાશિવરાત્રી પર્વ પર શોભાયાત્રા નીકળી જેમાં ભાવિક ભક્તો જોડાયા અને હર હર મહાદેવના નાદથી ભુજના રસ્તાઓ શિવમય બન્યા.

ડાંગ જિલ્લામાં આવેલા પૌરાણિક શિવાલયોમાં આજે મહાશિવરાત્રીના પર્વ નિમિતે શિવ ભક્તો ભગવાન શિવની પૂંજા-અર્ચના તથા દર્શન કરવા ઉમટી પડ્યા છે. રાત્રે અનેક મંદિરોમાં ડાયરા, ભજન કીર્તન અને ભંડારાના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

પાટણમાં મહાશિવરાત્રીના પર્વ વિવિધ શિવ મંદિરો ખાતે દેવાધિદેવના દર્શન માટે વહેલી સવારથી જ ભક્તોની ભીડ જામી રહી છે. મહાશિવરાત્રીના પર્વને અનુલક્ષીને શિવ મંદિરોને વિશેષ રોશની શણગાર સાથે મહાદેવજીને સુંદર આંગી કરાઈ છે.

. . . . . . . . . . . .

# BHARUCH AAG

ભરૂચના દહેજ સ્થિત એક કંપનીમાં આગની ઘટનામાં 3 કામદારો દાઝી ગયા છે તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. કંપનીના 6 નંબરના બિલ્ડિંગના ત્રીજા માળે રસાયણિક પ્રક્રિયા દરમિયાન અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. આગ લાગતા જ કંપની પ્રશાસને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર વિભાગે લગભગ ચાર કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# MEN'S T20 CRICKET

ICC T 20 ક્રિકેટ વિશ્વ કપમાં ગ્રુપ A આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે મુકાબલો થશે. આ મેચ

ભારતીય સમય મુજબ સાંજે સાત વાગ્યે શરૂ થશે. બંને ટીમોએ તેમની શરૂઆતની બે મેચ જીતી છે અને દરેકે ચાર પોઈન્ટ મેળવ્યા છે, જેના કારણે આજની મેચ સેમિફાઇનલમાં સ્થાન મેળવવા માટે મહત્વપૂર્ણ બની છે.

આજે મુંબઇના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં વેસ્ટઇન્ડિઝે નેપાળને નવ વિકેટે હરાવ્યું.

અન્ય બીજી મેચ અમેરિકા અને નામિબિયા વચ્ચે ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે બપોરે ત્રણ વાગ્યે રમાશે.

. . . . . . . . . . . . .